# છબછબિયાં



આવ્યાં-આવ્યાં વર્ષારાણી,
ચાલો કરીએ છબછબિયાં !
ફળિયું આખું પાણી-પાણી,
ચાલો કરીએ છબછબિયાં !
પાણીમાં દેડકજી તરતાં, ચાલો કરીએ છબછબિયાં !
ડ્રાંઉ-ડ્રાંઉ કરતાં એ સરતાં, ચાલો કરીએ છબછબિયાં !

છમ્-છમ્ આવે છાંટા મોટા, ચાલો કરીએ છબછબિયાં !
થાય મજાના કૈં પરપોટા, ચાલો કરીએ છબછબિયાં !

ધોધ વહાવે છતનું ભૂંગળ, ચાલો કરીએ છબછબિયાં !
જાણે વરસે મોટું વાદળ, ચાલો કરીએ છબછબિયાં !

છબ્-છબ્ કરતાં થાય ઉજાણી, ચાલો કરીએ છબછબિયાં !
સાથ મળી સૌ લઈએ માણી, ચાલો કરીએ છબછબિયાં !

- કિરીટ ગોસ્વામી